ફળ, શાકભાજી, અને ગૌણ પાકો અંગે પાક અંદાજ મોજણીની યોજનાને વર્ષ ૨૦૧૯-૨૦ માં ચાલુ રાખવા વહીવટી મંજુરી આપવા બાબત. (Crop Estimation survey of fruits, vegetables & minor crops (FVM; )

૨૧૫૧ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક........
2 MAY 2019
662
શાખા........

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક- બજટ/૧૦૨૦૧૮/૪૧૧૧/ક-૭
સચિવાલય, ગાંધીનગર
તા.0૮/૦૪/૨૦૧૯

વંચાણે લીધા:-

૧. કૃષિ,ખે.ક. અને સહકાર વિભાગનો તા.૨૮/૬/૨૦૦૧ના ઠરાવ ક્રમાંક-એએસટી-૧૦૨૦૦૦-૨૮૫૦-ક-૭
૨. કૃષિ,ખે.ક. અને સહકાર વિભાગનો તા. ૦૪/૦૪/૨૦૧૮ નો ઠરાવ ક્રમાંક- બજટ/૧૦૨૦૧૭/૨૨૯૪/ક-૭
3. ખેતી નિયામકની કચેરીનો તા.૧૮-૦૩-૨૦૧૯ નો પત્ર ક્રમાંક: ઇકોસ્ટેટ/એફ.વી.એમ/ વહીવટી મંજુરી/ ઠરાવ દરખાસ્ત-૨૦૧૯-૨૦/૫૧૫૬-૫૮/૧૯

આમુખ:-

ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંક (૨) ના ઠરાવથી ફળો, શાકભાજી અને ગૌણ પાકોના વિસ્તાર, ઉત્પાદન અને સરેરાશ ઉત્પાદન અંદાજવા માટેની મોજણી માટેની યોજના વર્ષ ૨૦૧૮-૧૯ માટે વહીવટી મંજૂરી અંગેના હુકમો કરવામાં આવેલ હતા. વંચાણમાં લીધેલ ક્રમાંક (૩) મુજબના પત્રથી ખેતી નિયામકશ્રી દ્વારા સદર યોજનાને તેમજ યોજનાના મહેકમને સને ૨૦૧૯-૨૦ ના વર્ષમાં ચાલુ રાખવા વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે, જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે ફળો, શાકભાજી અને ગૌણ પાકોના વિસ્તાર, ઉત્પાદન અને સરેરાશ ઉત્પાદન અંદાજવા મોજણી માટેની ૧૦૦% રાજ્ય પુરસ્કૃત યોજનાને વર્ષ ૨૦૧૯-૨૦ માં ચાલુ રાખવાની તથા વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્રમાં થયેલ કુલ રૂ. ૬૩.૪૨/- લાખ (અંકે રૂપિયા ત્રેસઠ લાખ બેતાલીસ હજાર પૂરા) ની જોગવાઈને ખર્ચ કરવા નીચે જણાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

૧) સને ૨૦૧૯-૨૦ ના વર્ષની બજેટ જોગવાઈને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.
૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો-વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
૪) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક.એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૭) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે માટે અલગથી મંજુરી માટે દરખાસ્ત કરવાની રહેશે.

૮) વર્ષના અંતે જો કોઈ રકમ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

૯) વર્ષ ૨૦૧૯-૨૦ ના અંદાજપત્ર અન્વયે વિધાનસભામાં મંજૂર થયેલ લેખાનુદાન જોગવાઈ અને તેને અનુલક્ષીને નાણાં વિભાગ દ્વારા ફાળવણી થનાર ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૧૦) આ અંગેનો ખર્ચ તા. ૧/૪/૨૦૧૯ થી કરવાનો રહેશે.

૨. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ બજેટ સદરે ઉધારવાનો રહશે.

માંગણી નં.- ૨

મુખ્ય સદર- ૨૪૦૧ - પાક કૃષિ વ્યવસ્થા.

ગૌણ સદર - ૧૧૧ – કૃષિ વિષયક અર્થશાસ્ત્ર અને આંકડા

પેટા સદર- [૧૦] -ફળ, શાકભાજી, અને ગૌણ પાકો અંગે પાક અંદાજ મોજણીની યોજના (FVM)

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાંણા સલાહકારશ્રી (કૃષિ)ની તા. ૦૩/૦૪/૨૦૧૯ ની તથા અધિક મુખ્ય સચિવશ્રી (કૃષિ)ની તા. ૦૩/૦૪/૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતીથી કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જી.કે.ઠાકોર)
સેક્શન અધિકારી
કૃષિ, ખે.ક. અને સહકાર વિભાગ

પ્રતિ:-

- ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય ,કૃષિભવન, સેક્ટર-૧૦-એ, ગાધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, , ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- સંયુક્ત ખેતી નિયામકશ્રી, અમદાવાદ/વડોદરા/મહેસાણા/રાજકોટ/સુરત/જુનાગઢ (ખેતી નિયામકશ્રી મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ઓડીટ), અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
- તિજોરી અધિકારીશ્રી,તમામ (ખેતી નિયામકશ્રી મારફતે)
- કૃષિ, ખે.ક. અને સહકાર વિભાગની , બજેટ તથા આઈ.ટી., શાખા સચિવાલય, , ગાંધીનગર
- સીલેક્ટ ફાઇલ/શાખા સંગ્રહ